અપીલ અરજી નં.૩૨૪ તા.૧૭–૧ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી કમલેશભાઈ સુરેશભાઈ સોની
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી કમલેશભાઈ સુરેશભાઈ સોનીની તા.૧૩–૧૨–૧૦ ની અરજીથી (૧) સનરાઈઝ વિદ્યાલય રામીપાર્ક નવાગામ ડીંડોલી ખાતે ચાલે છે જેમાં અંગ્રેજી માધ્યમ , ગુજરાતી માધ્યમ, મરાઠી માધ્યમની, ઉચ્ચતર પ્રાથમિક તથા માધ્યમિક શાળા સોસા.ના કોમન પ્લોટમાં ચલાવવામાં આવે છે તો આ શાળાનું જે બાંધકામ જે ચાર માળનું કરવામાં આવેલ છે તેની મંજુરી કયા કયા વર્ષમાં લેવામાં આવે છે તેની વિગતવાર માહિતી ગુજરાતીમાં આપવી વિગેરે મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૭–૧–૧૧ ની **SMC/FAP/** નં.૩૨૪/૨૦૧૦–૧૧

શ્રી કમલેશભાઈ સુરેશભાઈ સોનીની તા.૧૩–૧૨–૧૦ ની અરજીથી મુદ્દા નં.(૧) સનરાઈઝ વિદ્યાલય રામીપાર્ક નવાગામ ડીંડોલી ખાતે ચાલે છે જેમાં અંગ્રેજી માધ્યમ , ગુજરાતી માધ્યમ, મરાઠી માધ્યમ, ઉચ્ચતર પ્રાથમિક તથા માધ્યમિક શાળા સોસા.ના કોમન પ્લોટમાં ચલાવવામાં આવે છે તો આ શાળાનું જે બાંધકામ જે ચાર માળનું કરવામાં આવેલ છે તેની મંજુરી કયા કયા વર્ષમાં લેવામાં આવે છે તેની વિગતવાર માહિતી ગુજરાતીમાં આપવી વિગેરે મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબતે નિયત સમય મર્યાદામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૭–૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ , આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૯૯ તા.૨૦–૧–૧૧ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૩૮૬૧ તા.૫–૨–૧૧ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર ન.સા.ઈ.ઝોન/મહેકમ/૩૬૨૮ તા.૧૮–૧–૧૧ ના પત્રની નકલ તથા તે યુપીસી કર્યાના પુરાવાની નકલ રજૂ કરેલ છે. તેમજ અરજદારને સા.ઝોન/મહેકમ/૩૮૬૦ તા.૫–૨–૧૧ ના રોજ પૂરક પત્રથી ઈન્સ્પેકશન આપેલ પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૩–૧૨–૧૦ ની અરજીથી સનરાઈઝ વિદ્યાલય રામીપાર્ક સોસા.માં આવેલ છે તેના બાંધકામ બાબતે મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન ખાતે કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં.(૧) સનરાઈઝ વિદ્યાલય રામીપાર્ક નવાગામ ડીંડોલી ખાતે ચાલે છે જેમાં અંગ્રેજી માધ્યમ , ગુજરાતી માધ્યમ, મરાઠી માધ્યમ, ઉચ્ચતર પ્રાથમિક તથા માધ્યમિક શાળા સોસા.ના કોમન પ્લોટમાં ચલાવવામાં આવે છે તો આ શાળાનું જે બાંધકામ જે ચાર માળનું કરવામાં આવેલ છે તેની મંજુરી કયા કયા વર્ષમાં લેવામાં આવે છે તેની વિગતવાર માહિતી ગુજરાતીમાં આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઝોનના શહેર વિકાસ વિભાગના દફતરી રેકર્ડ મુજબ રામી પાર્ક સોસા.ના સમાવિષ્ટ બ્લોક નં.૧૪ (મોજે ડીંડોલી) માં થાય છે તથા સદર સોસા.નો પ્લાન સુડા ધ્વારા તા.૩૦–૭–૦૩ થી મંજુર કરવામાં આવેલ છે. જેમાં સીઓપીમાં બાંધકામ સહિત પ્લાન મંજુર થયેલ. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) સદર સનરાઈઝ વિદ્યાલયમાં હાલમાં ચાર માળનું બાંધકામો કરવામાં આવેલ છે તેની મંજુરી કયા વર્ષમાં કરવામાં આવેલ છે અને સોસા.ના કોમન પ્લોટમાં આવેલ શાળાને મંજુરી કયા અધિકારીએ આપેલ છે તેના નામ અને સરનામું અને ટેલીફોન નંબરની માહિતી ગુજરાતમાં આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સનરાઈઝ વિદ્યાલયના નામથી કોઈ મંજુરી ઝોન કચેરીના રેકર્ડ મુજબ આપવામાં આવેલ નથી. પરંતુ મોજે ડીંડોલી બ્લોક નં.૧૪ માં સીઓપીમાં સ્કુલ બિલ્ડીંગના પ્લાન સુડા ધ્વારા મંજુર કરવામાં આવેલ તથા ઝોન કચેરીએથી કોઈ મંજુરી આપવામાં આવેલ નથી. મુદ્દા નં.(૩) સદર સનરાઈઝ વિદ્યાલય જે રામીપાર્કમાં આવેલ છે તે સ્કુલમાં અભ્યાસ કરતાં બાળકોના સ્વાથ્ય અને સેફટી માટે કયા કયા સાધનો મુકવામાં આવેલ છે તેની સંયુકત માહિતી ગુજરાતમાં આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઝોન કચેરીના રેકર્ડ ઉપર માંગ્યા મુજબની માહિતી ઉપલબ્ધ નથી. તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ. જે બાબતે અરજદારે બદઈરાદાથી માહિતી છુપાવી રાખી અથવા કોઈના બચાવ ખાતર છુપાવી રાખી નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ અપીલ અરજી કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારીએ અપીલ તબકકે પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૩૮૬૦ તા.૫–૨–૧૧ થી અપીલ તબકકેની રજૂઆત બાબતે અરજદારને માહિતી પૂરી પાડેલ છે. આમ છતાં વધુ કોઈ જાણકારી અંગે ઈચ્છુક હોય તો ઝોન કચેરીના શહેર વિકાસ વિભાગમાંથી પ્રવર્તમાન નિતિ નિયમોનુસાર ફી ભરપાઈ કરી મંજુર પ્લાનની નકલ મેળવી શકો છો અથવા તો લાગત નકશાનું ઈન્સ્પેકશન કરી માહિતી મેળવી શકો છો તેવું જણાવેલ છે. આમ અરજદારને દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી

માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ છે. પરંતુ અરજદારે જાહેર માહિતી અધિકારીએ આપેલ ઈન્સ્પેકશન મેળવેલ છે કે કેમ? તેની કોઈ વિગતો પક્ષકારો તરફથી મળેલ નથી. જો અરજદારે જાહેર માહિતી અધિકારીએ કરેલ પ્રસ્તાવ મુજબ તપાસણી કરી હોય અથવા નકશાની નકલ મેળવેલ હોય તો તેમાં પ્લાન મંજુર કરનાર અધિકારીની ઉપલબ્ધ વિગતો મળી શકી હોત. પરંતુ તે અંગે અરજદારે અપીલ તબકકે કોઈ પ્રકાશ પાડેલ નથી. વધુમાં આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારીની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળ પાસેથી અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૩–૧૨–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પુરી પાડેલ. પરંતુ લાગત મિલ્કતના મંજુર પ્લાન બાબતે અરજદારે છુપાવેલ માહિતી હોવાની રજૂઆત કરી કરેલ અપીલને અનુલક્ષી બાબત હેઠળની મિલ્કતના પ્લાન મંજુરીના દફતરી ઉપલબ્ધ કાગળોની દફતરી તપાસણી ખરાઈ કરી ખાતરી કરી શકે છે. આરટીઆઈ એકટની કલમ–૭(૯) હેઠળ વિના મૂલ્યે લાગુ કિસ્સામાં તપાસણી પશ્ચાત અરજદાર નકલનો આગ્રહ રાખે અરજદારને દિન–૭ માં પૂરી પાડવા તેમજ થયેલ કાર્યવાહીની જાણ અત્રે કરવા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશનર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૧

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)..જાણ તથા અમલ માટે .
(૨) શ્રી કમલેશભાઈ સુરેશભાઈ સોની